**ચાલુ બાબત ૨૦૨૨-૨૩**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના ની રૂ.૧૦૦ કરોડથી વધુ અથવા વર્ષ :૨૦૨૧-૨૨ ની સરખામણીએ વર્ષ: ૨૦૨૨-૨૩ ના અંદાજો ૧૦૦% થી વધી જતા હોય એવી ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૧/૬૯૨/બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩-૦૪-૨૦૨૨

**ઠરાવ :-**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આઇ.સી.ડી.એસ.) ની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક- ૯૫, ૯૬ અને ૧૦૬ હેઠળ ચાલુ બાબતની ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ.૧૦૦ કરોડથી વધુ અથવા વર્ષ :૨૦૨૧-૨૨ ની સરખામણીએ વર્ષ: ૨૦૨૨-૨૩ ના અંદાજો ૧૦૦% થી વધી જતા હોય એવી ચાલુ બાબતોની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ-(૧૨) ચાલુ બાબતો માટે કુલ રૂ.૨૩૦૩૨૩.૧૯ લાખની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

**શરતો:**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે .

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ના થાય તો અ વહીવટી મંજુરી આપોઆપ રદ્દ ગણાશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો, તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) પારદર્શક પધ્ધતીથી યોજનાઓનું અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૦) જ્યાં લાગુ પડે ત્યાં PM Gati Shakti Gujarat – Integrated Master Plan Portal સાથે Linkage કરાવી Integration Completion Certificate with Unique Project ID generate કરાવી લેવાના રહેશે.

(૧૧) યોજનાઓનું Third Party Verification થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.

(૧૨) આ યોજનાનો ખર્ચ તા. ૧-૪-૨૦૨૨ થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ) ની તા.૧૩-૦૪-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. ........................

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૪) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ....................

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, - વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૦) સિલેક્ટ ફાઇલ

પરિશિષ્ટ-૧

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૩-૦૪-૨૦૨૨ ના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૧/૬૯૨/બ સાથેનું બિડાણ.

વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં સમાવિષ્ઠ રૂ.૧૦૦ કરોડથી વધુ અથવા વર્ષ: ૨૦૨૧-૨૨ ની સરખામણીએ વર્ષ: ૨૦૨૨-૨૩ના અંદાજો 100% થી વધી જતા હોય એવી ચાલુ બાબતો

(Rs. in Lakhs)

| Sr. No | Budget Head No | Budget Head Name | Amount approved for financial year 2022-23 |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| **(A) Items in which provision for Year: 2022-23 has increased by 100% as compared to Year: 2021-22** | | | |
| 1 | 96-2236-02-796-15 | NTR-16, State Cotingency Expenditure (100% State) | 572.83 |
| 2 | 106-2236-02-101-03 | NTR-2, Dudh Sanjeevani Yojana, Fortified Salt, Suposhan Samvad, etc. (100% State) | 9801.59 |
| 3 | 106-4236-02-800-04 | NTR-22, Construction, Repairing & Upgradation of Block Office (100% State) | 876.00 |
| **(B) Items above 100 Crore** | | | |
| 1 | 96-2236-02-796-12 | NTR-2, Dudh Sanjeevani Yojana, Spot Feeding Programme, etc. (100% State) | 14471.89 |
| 2 | 96-2236-02-796-20 | NTR-2, Introduction of ICDS Scheme - THR & HCM (50% CSS) | 13076.48 |
| 3 | 96-2236-02-796-21 | NTR-2, Introduction of ICDS Scheme - THR & HCM (50% State) | 13076.48 |
| 4 | 106-2236-02-101-01 | NTR-10, Additional Facility to Anganwadi Worker & Anganwadi Helper (100% State) | 29347.91 |
| 5 | 106-2236-02-101-07 | NTR-18, Integrated Child Development Scheme – Honorarium, Logistics, etc. (60% CSS) | 23218.79 |
| 6 | 106-2236-02-101-08 | NTR-18, Integrated Child Development Scheme – Honorarium, Logistics, etc. (40% State) | 15479.17 |
| 7 | 106-2236-02-101-09 | NTR-2, Introduction of ICDS Scheme - THR & HCM (50% CSS) | 36945.35 |
| 8 | 106-2236-02-101-10 | NTR-2, Introduction of ICDS Scheme - THR & HCM (50% State) | 36945.35 |
| 9 | 106-2236-02-101-17 | PURNA Yojana (100% State) | 36511.35 |
| **Total (A+B)** | | | **230232.19** |

(સચિવ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ